ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં ૧૯૯૧ના કર સુધારા - એક સંક્ષિપ્ત અભ્યાસ

**Khumrajbhai Kantilal Mehta**

**(Ph. D Student)**

**Jasani Arts And Commerce College , Rajkot**

**ECONOMICS DEPARTMENT**

**SAURASHTRA UNIVERSITY – RAJKOT**

**પ્રસ્તાવના:**

ભારત જેવા વિકાસમાન દેશોમાં કરવેરા એ જાહેર આવકનું સૌથી મહત્વનું સાધન છે અને રાજકોષીય નીતિનું એક મહત્વનું અંગ છે. એક બાજુએ તે સરકારની આવક વધારવામાં અને બીજી બાજુએ આર્થિક અને સામાજિક નીતિના હેતુઓ ચરિતાર્થ કરવામાં તે મહત્વની ભૂમિકા અદા કરે છે. બ્રિટીશ અમલના સમય દરમિયાન ભારતની કરવ્યવસ્થા રૂઢીચુસ્ત, બિન આયોજિત અને હીયમાન હતી એટલું જ નહિ પરંતુ કર માળખા વસ્તીના અલ્પ ભાગને જ સ્પર્શતું હતું તથા રાષ્ટ્રીય આવકમાં પણ કરની આવકનો હિસ્સો ન ગણ્યો હતો. સરકારે તે વખતે કરમાળખાને પ્રગતિશીલ બનાવવા માટેના કોઈ પ્રયાસો હાથ ધર્યા ન હતા. પરંતુ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ અને તેમાય વિશેષ કરીને આયોજનકાળ દરમિયાન ભારતના કરમાળખામાં આમૂલ ફેરફાર કરી તેને વિકાસમાન અર્થ તંત્રની જરૂરીયાતોને અનુરૂપ બનાવવાના પ્રયાસ કરવામાં આવે છે.

**હેતુઓ:**

**આયોજનકાળ દરમિયાન કરના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે.**

1) આર્થિક વિકાસ માટે નાણાકીય સાધનો પ્રાપ્ત કરવા
2) બચત અને મૂડીરોકાણને પ્રોત્સાહન આપવું
3) સાધનોની ઈષ્ટતમ ફાળવણી કરવી
4) પ્રાદેશિક અસમાંનતમા ઘટાડો કરવો
5) ફુગાવાને અંકુશિત કરવો
6) આવક અને સંપતિની અસમાનતામાં ઘટાડો કરવો.

VIDHYAYANA

**કરવેરાનું સ્વરૂપ**

**પ્રત્યક્ષ કરવેરા** **પરોક્ષ કરવેરા**

આ બંને પ્રકારના કરવેરા એક બીજાથી તદ્દન અલગ છે તે કહી શકાય, વાસ્તવમાં એક બીજાના પૂરક છે. એટલું જ નહિ એક બીજા સાથે સંકલન ધરાવે છે. એકજ હેતુઓને સિદ્ધ કરવા માટે જુદાજુદા સ્વરૂપે પ્રયોજાયેલા તત્વો છે. આથીજ કહેવાયું છે કે " પ્રત્યક્ષકરવેરા અને પરોક્ષ કરવેરા બંને સમાન બહેન જેવા છે."

જેમાં ત્રણ બાબતો તારવી શકાય

- પ્રત્યક્ષ અને પરોક્ષ કર સમાનતા ધરાવે છે.
- બંને કરવેરા આકર્ષક છે.
- આ બંને કરવેરા બે બહેનો જેવા છે.

બંને કરવેરા રાજકીય સાધન છે. જે સમાનતાનાં કારણે સમતોલ માળખું અને તેના હેતુ સમાન પ્રકિયામાં સમાનતાથી સંપૂર્ણતા માટે આયોજન કાળ દરમિયાન ભારતની કર વ્યવસ્થામાં આમૂલ ફેરફારો કરવામાં આવ્યા છે.

**❖ કરની આવકમાં નોધપાત્ર વધારો:**

આયોજનકાલ દરમિયાન કરની આવકમાં નોધપાત્ર વધારો થયો છે.જેના મુખ્ય બે કારણો છે.

- ભારતનું કરમાળખું ગહન અને વિસ્તૃત બનવા પામ્યું છે.
- આવક આને વપરાશમાં વધારો થવાને લીધે પણ કારની આવક વધવા પામી છે.

**❖ બિન કરવેરાની આવકમાં થયેલો ગણનાપાત્ર વધાર:**

પ્રત્યક્ષતથા પરોક્ષ કરવેરાના પ્રવર્તમાન દરોમાં વધારો કરવમાં આવ્યો છે તેમજ આ બને ક્ષેત્રે નવા કરવેરા નાખવામાં આવ્યા છે. ઉપરાંતદેશની વસ્તીના શક્ય હોઈતેટલા વધુને વધુ લોકોને કરવેરાની જાળમાં આવરીલેવાના પ્રયાસ હાથ ધરવામાં આવીરાહ્ય છે. નવેમ્બર ૨૦૧૬ના રૂ. ૫૦૦ તથા રૂ. ૧૦૦૦ની ચાલની નોટોના વિમુદ્રીકરણે લીધે આવકવેરા ભરનારા વ્યક્તિઓની સંખ્યામાં નોધપાત્ર વધારો થવા પામ્યો છે.

VIDHYAYANA

**❖ કારની આવકનું અંદાજપત્રકીય મહત્વ;**

આયોજનકાળનાવર્ષ દરમિયાન કરની આવક એ બિનકરવેરાની આવકની તુલનામાં ઘણી વધારે રહી છે. મૂડી ખાતેની આવકને પણ જો ગણતરીમાં લેવામાં આવે તો બહુ ફેર પડતો નથી. પરંતુ બજાર લોનો, નાની બચતો, પ્રોવિડન્ટ ફંડ, વિદેશી ઋણ જેવી મૂડી ખાતેની આવકના મહતવન સાધનોની સરખામણીમાં સરકારની આવક પ્રાપ્તિના સાધનોમાં કારની આવક એ ઘણો ઉચો ક્રમ ધરાવે છે.

❖ **કુલ ઘરેલું પેદાસમાં કરનો હિસ્સો:**

કેન્દ્ર અને રાજ્યોનોઈ કરની સંયુક્ત આવક અને ઘરેલું પેદાશ વચ્ચેનું ગુણોત્તર જે૨૦૧૬-૧૭ માટે ૧૮% જેટલું અંદાજાયો હતો. પરંતુ કેન્દ્ર સરકારની કરની કુલ આવક અને કુલ ઘરેલું પેદાશ વચ્ચેના ગુનોત્તારનો વિચાર કરીયેતો ૨૦૧૬-૧૭માં તે ૧૧% જેટલો અંદાજાયો હતો.

❖ **કરની કુલ આવકમાં પ્રત્યક્ષ અને પરોક્ષ વેરાનો સપેક્ષ હિસ્સો:**

આયોજન કાળથી શરુ થયેલ ઘણા વર્ષો સુધી આપણી કરની કુલ આવકમાં પરોક્ષ વેરાનું અતિ પ્રાધાન્ય હતું. ૧૯૯૦-૯૧માં આ ગુણોત્તર ૮૪:૧૬ જેટલો હતો. પરંતુ જુલાઈ ૧૯૯૧થી હાથ ધરાયેલ આર્થિક સુધારણા કાર્યક્રમના એક સંકલિત ભાગ તરીકે કસ્ટમ તથા આબકારી જકાતના દરમાં જોવા મળતા ઘટાડાના વલણને કારણે પરોક્ષ વેરાનો સાપેક્ષ હિસ્સો ઘટતો જાય છે. અને પ્રત્યક્ષ વેરાનો સાપેક્ષ હિસ્સો ઉત્તરોઉત્તર વધતો જાય છે. ૨૦૧૬-૧૭માં તે ૪૦:૬૦ જેટલો હોવાનો અંદાજ હતો, ત્યાર પછીના વર્ષોમાં પણ આવલણ ચાલુજ રહેવા પામ્યો છે.

હાલમાં કરની કુલ આવકમાં વ્યક્તિગત આવકવેરા તથા કોર્પોરેટ વેરાનું મહત્વનો હિસ્સો છે. આનું મુખ્ય કારણ આર્થિક ઉદારીકરણને લીધે તાજેતરના વર્ષોમાં વ્યક્તિઓની અને કંપનીઓની કુલ આવકમાં થયેલ વધારો ગણાવી શકાય.

❖ **કરવેરાના દરનું વલણ:**

જુલાઈ ૧૯૯૧ થી હાથ ધરવામાં આવેલ આર્થિક સુધારણાના કાર્યક્રમ અન્વયે કર માળખામાં મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. ૧૯૭૩-૭૪ સુધી વ્યક્તિગત આવકવેરાનો મહત્તમ સીમાંત દર ૯૭.૭૫% હતો જે રૂ. ૨ લાખથી ઉપરની આવકને લાગુ પડતો હતો. વાચ્છું સમિતિની ભલામણોને અનુલક્ષીને આ દરમાં ક્રમશ: ઘટાડો કરીને ૧૯૭૬-૭૭ માં તે ૬૬% જેટલો કરવામાં આવ્યો હતો.

૨૦૧૪-૧૫ ના વર્ષથી આવક વેરની મુક્તિમર્યાદા રૂ. ૨ લાખથી વધારીને રૂ. ૨.૨૫ લાખ જેટલી કરવામાં આવી હતી અને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં તે ચાલુ રાખવામાં આવી હતી.

કંપનીઓ દ્વારા આપતા કંપનીવેરા કે કોર્પોરેટ વેરાનો અસરકારક દર સરેરાસ ૨૪.૬૭% જેટલું થાય છે. તેનુંકારણ કંપનીઓ દ્વારા વિવિધ પ્રકારની મુક્તિઓનો લેવાતો લાભ ગણાવી શકાય. આથી આસંદર્ભમાં ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં નીચે પ્રમાણેની જોગવાઈઓ કરવામાં આવી.

(૧) આવકવેરા ધારા હેઠળ ઘસારા ફંડની જોગવાઈ ૧લી એપ્રિલ, ૨૦૧૭થી મહત્તમ ૪૦% સુધી માર્યાદિત રહેશે.

(૨) સંશોધન માટે આપતા લાભ તારીખ ૧લી એપ્રિલ ૨૦૧૭થી ૧૫૦% અનેતારીખ ૧લી એપ્રિલ ૨૦૨૦થી ૧૦૦% ની મર્યાદામાં રહેશે.

(૩) નવા સ્પેશીયલ આર્થિક ઝોનોમાં આવેલા એવા એક્મોનેજ લાભ મળશે કે જેમને તેમની પ્રવૃતિઓ ૩૧મી માર્ચ૨૦૨૦ પહેલા આરંભ કરી હશે.

(૪) મેન્યુફેક્ચરિંગ કંપનીઓ જે ૧લી માર્ચ ૨૦૧૬ અથવા તે પહેલા સ્થપાઈહોય. તેમને પણ કેટલીક રાહતો અને છૂટછાટ આપવામાં આવી છે.

❖ **પરોક્ષ વેરા:**

જુલાઈ ૧૯૯૧અગાઉ અનેક વસ્તુઓ પરની ટોચ કસ્ટમ જકાત લગભગ ૩૦૦% હતી જેમાં ઘટાડો કરીને ૨૦૦૭-૦૮ના વર્ષથી બિન ખેત પેદાશોની આયાતો પર ઘાટાડીને૧૦% જેટલો કરવામાં આવ્યો હતો. વૈશ્વિકીકરણઅને ઉદારીકરણની પ્રક્રિયાના સંદર્ભમાં પરોક્ષ કરવેરામાં ઘટાડો આવી રહ્યો છે. વધુમાં ૨૦૦૫થી દેશના લગભગ બધાજ રાજ્યોમાં વેચાણવેરાનું સ્થાન મૂલ્યવર્ધિત વેરા (VAT) એ લીધું છે. અને ૧લી જુલાઈ ૨૦૧૭થી તેનુ સ્થાનવસ્તુઓ અને સેવાઓ પરના કર (GST)એ લીધું છે.

❖ **પ્રત્યક્ષકરવેરાનું વ્યાપ વધારવા માટેના તાજેતરના પગલા:**

પ્રત્યક્ષ કરવેરાનો પાયો વિસ્તૃત બનાવામાંટે ૧૯૯૭-૯૮ના વર્ષથી એવી જોગવાઈ કરવામાં આવીહતી કે, કોઈ પણ વ્યક્તિ નીચેની ચાર સરતો પૈકીની કોઈ પણ બે શરતોની પુરતી કરતો હોય તો તેને માટે આવક વેરાનું પત્રક ભરવાનું ફરજીયાત રહેશે.

(૧) નિશ્ચિત વિસ્તાર કરતા વધુ વિસ્તારની સ્થાવર મિલકત માલિકીના ધોરણે અથવા ભાડાપેટે ધરાવનાર વ્યિક્ત.

(૨) ચાર ચક્રીય (મોટરકાર) વાહન ધરાવનાર.

(3) ટેલીફોન(મોબાઈલ ફોન ધારક)

(૪) વિદેશ પ્રવાસ કરનાર.

(૫) ક્રેડીટ કાર્ડ ધારક.

(૬) કોઈ ક્લબનું સભ્ય પદ કે જેની પ્રવેશ ફી વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ કરતા વધુ હોય.

ઉપરોક્તકુલ છ સરતો પૈકી કોઈ પણ એક શરતનું પાલન થાયતો તે વ્યક્તિએ ફરજીયાત રીતે આવકવેરાનું પત્રક ભરવાનું રહેશે.

❖ **સેવા કર અથવા સેવાવેરો:**

ચેલૈયા સમિતિની ભલામણોને અનુલક્ષીને ૧૯૯૪-૯૫નાકેન્દ્રીય અંદાજપત્રમાં સર્વપ્રથમ અમુક ચોક્કસ સેવાઓપર૫%ના દરે વેરો નાખવામાં આવ્યો હતો. ૨૦૧૨-૧૩ના વર્ષમાં અંદાજપત્રમાં નકારાત્મક યાદીમાં દર્શાવેલી ૧૭ જેટલી સેવાઓ શિવાય બાકીની બધીજ સેવાઓને સેવા કર હેઠળ આવરી લેવાય છે. તથા સેવાકરનો દર ૧૦%થી વધારીને ૧૨% જેટલું કરવામાં આવ્યો છે. ૨૦૧૫-૧૬ના અંદાજપત્ર સેવાકરનો દર વધારીને ૧૪% જેટલો કરવામો આવ્યો હતો. અને તેનો અમલ ૧લી જુન ૨૦૧૫થી થયેલો છે. ૧૫મી જુન ૨૦૧૫થી"સ્વચ્છ ભારત અભિયાન" માટેસેવાકર ઉપર ૦.૫%નો સરચાર્જ નાખવામાં આવ્યો હતો. તથા ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરપાત્ર હોય તેવી તમામ સેવાઓ પર ૦.૫%ના દરે "કૃષિ કલ્યાણ શેસ" નાખવામાંઆવ્યો હતો. જેનો ઉપયોગ કૃષિમાં સુધારા તથા ખેડૂતોના કલ્યાણ માટે થશે.

૧લી જુલાઈ ૨૦૧૭ના રોજથી વસ્તુઓ અને સેવાઓ પરના કર (GST)નાં અમલીકરણ પછી સેવા કરને આ વસ્તુઓ અને સેવાઓ પરના કરમાં આમેજ કરીદેવામાં આવ્યો છે.

❖ **નવા પ્રત્યક્ષ કરવેરા:**

૨૦૦૫-૦૬ના કેન્દ્રીય અંદાજપત્રમાં બે નવા પ્રત્યક્ષ વેરા દાખલ કરવામાં આવ્યા હતા.

૧. બંકો માંથી રોકડ ઉપાડ પરનો વેરો.

૨. કર્મચારીઓને માલિક દ્વારા પુરી પાડવામાં આવતી શુવીધાઓ(લાભ), (ભથ્થા) પરનો વેરો.

ઉપરોક્ત બને કરવેરા એપ્રિલ ૨૦૦૯ના વર્ષથી નાબૂદ કરવામાં આવ્યા હતા.

❖ **કરચોરી અટકાવવા માટેના તાજેતરના પગલા:**

કરવેરાનો વ્યાપ વધારવા ઉપરાંત કરચોરીને અટકાવવા માટે ૧૯૯૮-૯૯ ના અંદાજપત્રમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે નીચેના ઉચ્ચ નાણાંકીય વ્યવહારો કરતી વખતે તેનો કાયમી એકાઉન્ટ નંબર અથવા જનરલ ઈન્ડેક્સ રજીસ્ટર નંબર ફરજિયાત રીતે આપવાનો રહેશે.

(1) સ્થાવર મિલકતની ખરીદી કે વેચાણ

(2) મોટર વાહનની ખરીદી કે વેચાણ

(3) રૂ.૫૦ હજારથી વધુ રકમના શેર વ્યવહાર

(4) બેંકમાં નવા ખાતા ખોલાવતી વખતે

(5) બાધીમુદતની થાપણોમાં રૂ. ૫૦ હજારથી વધુ રોકાણ

(6) નવું ટેલીફોન જોડાણ મેળવવાની અરજી કરતી વખતે

(7) રૂ. ૨૫ હજારથી વધુ રકમનું હોટેલ બીલ

કોમ્પ્યુટરના વધતા જતા ઉપયોગને લીધે ઉપરોક્ત (૯) અને(૧૦) અંગેની માહિતી તથા વિગતો કર વ્યવસ્થાનો પાયો વિસ્તૃત કરવા માટે તથા કરની આવકનો બહિસ્ત્રાવ અટકાવવા માટે ખુબજ ઉપયોગી થઇ પડશે.

❖ **કર વહીવટી માળખામાં સુધારા:**

તાજેતરના વર્ષોમાં કર વહીવટી માળખામાં સુધારા કરીને તેને વધુ સરળ અને કરદાતા પ્રત્યે મૈત્રીલક્ષી બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેમ કે

(1) આવકવેરા અધિકારીઓ તરફથી કરદાતાને થતી કનડગત અને હેરાનગતિ દૂર કરવાના સક્રિય પ્રયાસ હાથ ધર્યા છે. આ માટે કર આકારણી,સર્વેક્ષણ,દરોડાવગેરેની કાર્યવાહીમાં નવો અભિગમ અપનાવશે. દરોડા વખતે છુપાયેલી આવકની જાહેરાત કરવામાં આવશે નહિ, પરંતુ માત્ર તેની નોંધ રાખવામાં આવશે.

(2) કરદાતાને કાયમી એકાઉન્ટ નંબર આપવાનું કાર્ય બહારની સંસ્થાને આપવામાં આવશે.

(3) કરદાતાએ ભરેલા પત્રકો સ્વીકારી લેવામાં આવશે અને ફક્ત બે ટકા કેસોની જ ચકાસણી કરવામાં આવશે.

(4) આવકવેરા ધારા અન્વયે સ્થળ પર વેરાની કપાત માટેના ફોર્મની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરાયો છે. વધુમાં એવા કરદાતા કે જેમને ફક્ત પગાર, ભાડા કે વ્યાજની જ આવક છે તેમને માટે એક પાનાનું “ સરળરિટર્ન ફોર્મ “ફરીથી દાખલ કરેલ છે.

(5) કોમ્પ્યુટરથી રિટર્ન ભરવાની સુવિધા કરદાતાઓને ઉપલબ્ધ કરાઈ છે.

(6) વિદેશ જવા માટે જુદાજુદા ટેક્ષ કીલ્યરન્સ સર્ટીફીકેટસ ની જરૂરિયાત નાબૂદ કરવામાં આવી છે.

❖ **વસ્તુઓ અને સેવાઓ પરનો કર (GST):**

વસ્તુઓ અને સેવાઓ પરનો ખ્યાલ એક અતિ ઉત્તમ ખ્યાલ છે જે ભાગ્યેજ બે મત હોઈ શકે. આ એક એવોકર છે જે આજે વિશ્વના લગભગ ૧૬૦ દેશોમાં અસ્તિત્વ ધરાવે છે.

ભારતમાં આર્થિક સુધારણા અને કર સુધારણા કાર્યક્રમના એક સંકલિત ભાગ તરીકે વસ્તુઓ અને સેવાઓ પરના વેરા અંગેના ખરડાને બંને ગૃહો એટલે કે, લોકસભા અને રાજ્યસભાએ ઓગસ્ટ ૨૦૧૬ માં મંજૂરી આપી પસાર કરી દીધો હોવાથી પ્રસ્તુત ધારો તા. ૧લી જુલાઈ, ૨૦૧૭ ના રોજથી અમલી બન્યો છે અને તેની સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકારોના જુદાજુદા પરોક્ષવેરાનાસ્થાનેએક જ કર પદ્ધતિ અમલમાં આવી છે અને એ રીતે " એક રાષ્ટ્ર, એક જ કર પદ્ધતિ અને એક જ બજાર " નું ઘણા લાંબા સમયનું સ્વપ્ન સાકાર થયું છે, જે ખરેખર એક ઐતિહાસિક અને હિંમતભર્યું પગલું છે. આમ વસ્તુઓ અને સેવાઓ પરના કરને લીધે:

(અ) કેન્દ્ર સરકારના નીચે જણાવેલ પરોક્ષ વેરાનો અંત આવે છે.

(૧) કેન્દ્રીય આબકારી જકાત

(૨) વધારાની કેન્દ્રીય આબકારી જકાત

(3) સેવા કર

(૪) વધારાની કસ્ટમ ડ્યુટી

(૫) સ્પેશિયલકસ્ટમ ડ્યુટી

(૬) કેન્દ્રીય વેચાણ વેરો વગેરે

(બ) રાજ્ય સરકારોના નીચેજણાવેલ પરોક્ષ વેરાનો પણ અંત આવે છે.

(1) રાજ્યવર્ધિતમૂલ્ય વેરો

(2) ઓક્ટ્રોય અને એન્ટ્રી ટેક્સ

(3) ખરીદ વેરો

(4) લક્ઝરી ટેક્સ

(5) મનોરંજન વેરો

(6) લોટરી, બેટિંગ, જુગાર ટેક્સ વગેરે

❖ **વસ્તુઓ અને સેવાઓ પરના કરના મુખ્ય લાભો**

(1) મેક-ઈન-ઈન્ડિયા કાર્યક્રમને પ્રોત્સાહન તથા નિકાસમાં વધારો

(2) દેશમાંએકીકૃત સમાંન બજાર

(3) કેન્દ્રને રાજ્યોના વિવિધ પરોક્ષ વેરાઓના બદલે એકજ કર

(4) કર ઉપર કર લાગવાની સમસ્યાનો નિવેડો

(5) કરના દર અને સંરચનામાં સમરુપતા

(6) કરદાતાઓ માટે કરના નિયમોનું પાલન સરળ અને પાલન ખર્ચ ઓછો

(7) અપૂરતી શ્રુખ્લામાં ઈનપુટ ટેક્ષ ક્રેડીટનો અવીરત પ્રવાહ

(8) કુલ ઘરેલું પેદાશમાં લગભગ ૧.૫% થી ૨.૦% સુધીની વધારાની સંભાવના

વસ્તુઓઅને સેવાઓ પરના કરથી થતા લાભ જેમકે સામાન્ય જન તરફી, વેપાર અને ઉદ્યોગ માટેના લાભ, અર્થકારણને થતા લાભો, સરળ વેરા અંગેનું માળખું અને એક આર્થિક ભારતનું નિર્માણ.

વસ્તુઓ અને સેવાઓ પરના કરના કાર્યક્ષમ અમલમાટે એક કાઉન્સિલ (GST-Council)ની રચના કરવામાં આવીછે. જેનો અધ્યક્ષ કેન્દ્રીય નાણાપ્રધાન હોય છે. તથા દેશના ૨૯ રાજ્યોના નાણા મંત્રીઓ તથા સાત કેન્દ્રસાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ સભ્યો હોય છે. વસ્તુઓ અને સેવાઓના કરના અમલમાં થતી મુશ્કેલીઓ અંગે યોગ્ય પગલા લેય છે. જેમકે ગોહાતી (આસામ) ખાતે૧૦ નવેમ્બર ૨૦૧૭ના રોજ મળેલી પ્રસ્તુત કાઉન્સિલની ૨૩મી સભામાં ૨૨૮ વસ્તુઓ પૈકી ૧૭૮ જેટલી વસ્તુઓ પરનો ૨૮%નો સ્લેબ ઘટાડીને ૧૮% અથવા તેનાપરથી ઓછો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આમ માત્ર ૫૦ જેત્લીવાતુઓ પરજ ૨૮%નો સ્લેબ રહે છે.

હાલ વિશ્વના ૧૬૦ દેશોમાં વસ્તુઓ અને સેવાઓ પરનો કર અસ્તિત્વમાં છે. જોકે દરેક દેશમાં આ કર સુધારણાનું નામવસ્તુઓ અને સેવાઓ પરના કર (GST) તરીકે ઓળખાતું નથી. કેટલાક દેશોમાં તેનું નામ “National value added tax”રાખ્યું છે. પરંતુ સમગ્ર દેશમાં સમાંન કરવેરા હોવાના મુખ્ય નિયમોનું પાલન થાયછે.

**સમાપન:**

આમ ભારતમાં તા. ૧લી જુલાઈ ૨૦૧૭ના રોજથી સમગ્ર દેશમાં વસ્તુઓ અને સેવાઓ પરના કરનો અમલ શરુ થઇ ચુક્યો છે. પ્રસ્તુત કરને લીધે અર્થતંત્રમાં ફૂગવા જાન્ય પરિબળોને વેગ ન મળે તે અંગેની કાળજી લેવાની રહેશે. કરના અમલના સરુઆતના તબક્કામાં કેટલીક મુશ્કેલીઓ અને અંતરાયો જરૂર ઉભા થશે, અને તેનું યોગ્ય ઉકેલ લવાનો રહેશે. આ સંદર્ભમાં કેટલાક મહત્વના મુદાઓને ધ્યાનમાં લેવા જરૂરી બને છે.

1. કરની કેટલીક જટિલ અને અટપટી કલમો અને જોગવાયોથી તમામ સંબધિત પક્ષોને પુરતી સમાજ, માહિતી અને સ્પષ્ટતા મળીરહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.
2. પ્રસ્તુત કરને લીધે જે વસ્તુઓં અને સેવાઓની કિમતમાં ઘટાડો થનાર છે તેનો લાભ અંતિમ ગ્રાહકો શુધી પહોચે તે અંગેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
3. કરને લીધે ફુગાવાજન્ય પરિબળોને વેગ નમળે અને ગ્રાહકોના હિતનું રક્ષણ થઈરહે તેમાંતેની ખાસ કાળજી લેવાની રહેશે.